

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 284
Dt.: 25-06-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


### રેશન સિસ્ટમમાં મોટા ફેરફારની તૈયારી

# રેશન સિસ્ટમમાં પરિવાર દીઠ ૩૫ કિલોની મર્યાદા સાથે આવશે નવો નિયમ

## દેશની જાહેર વિતરણ પ્રણાલી અને રેશનિંગ વ્યવસ્થામાં ફેરફાર થઈ શકે છે, કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા વિધેયક-૨૦૨૬નો મુસદ્દો જાહેર કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની જાહેર વિતરણ પ્રણાલી અને રેશનિંગ વ્યવસ્થામાં ટૂંક સમયમાં મોટો ફેરફાર થઈ શકે છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા (સંશોધન) વિધેયક-૨૦૨૬નો મુસદ્દો જાહેર કર્યો છે. આ નવા ખરડામાં અંત્યોદય અન્ન યોજના (AAY) હેઠળ અનાજ વિતરણની પદ્ધતિ બદલવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકારના જણાવ્યા અનુસાર, આ પગલાનો મુખ્ય હેતુ ખાદ્ય સુરક્ષાને વધુ મજબૂત અને ન્યાયસંગત બનાવવાનો છે.

નવા મુસદ્દા પ્રમાણે, અત્યાર સુધી અંત્યોદય અન્ન યોજના હેઠળ દરેક પાત્ર પરિવારને દર મહિને ૩૫ કિલોગ્રામ અનાજ આપવામાં આવતું હતું. હવે તેમાં ફેરફાર કરીને દર મહિને પ્રતિ વ્યક્તિ ૭ કિલોગ્રામ અનાજ આપવાનો પ્રસ્તાવ છે. જોકે, સરકારે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ પરિવારને મળનારા અનાજની મહત્તમ મર્યાદા દર મહિને ૩૫ કિલોગ્રામ જ રહેશે. એટલે કે પરિવારના સભ્યોની સંખ્યા પ્રમાણે અનાજ વહેંચાશે પણ કુલ જથ્થો નક્કી કરેલી સીમાથી વધશે નહીં. સરકારનું માનવું છે કે, વર્તમાન વ્યવસ્થામાં પરિવારના કદના આધારે અસમાનતા જોવા મળે છે. નાના પરિવારોમાં વ્યક્તિ દીઠ વધુ અનાજ મળી જાય છે, જ્યારે મોટા પરિવારોમાં વ્યક્તિ દીઠ ઓછું અનાજ આવે છે. આ અસંતુલનને ખતમ કરવા અને તમામ લાભાર્થીઓને સમાન ધોરણે લાભ આપવા માટે આ નવી વ્યવસ્થા લાવવામાં આવી રહી છે. આ પ્રસ્તાવ લાગુ થવાથી રેશન વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા અને સંતુલન વધશે. તેનાથી એ સુનિશ્ચિત કરી શકાશે કે દરેક વ્યક્તિને તેની જરૂરિયાત મુજબ અનાજ મળી રહે. ખાસ કરીને મોટા અને જરૂરિયાતમંદ પરિવારોને આનો સીધો લાભ મળી શકે છે, કારણ કે હવે રેશનનો જથ્થો પરિવારના સભ્યોની સંખ્યા પર નિર્ભર રહેશે.કેન્દ્ર સરકારે આ પ્રસ્તાવિત વિધેયક પર સામાન્ય જનતા, નિષ્ણાતો અને હિતધારકો પાસેથી સૂચનો તથા વાંધાઓ મંગાવ્યા છે. રસ ધરાવતા લોકો ૧૩ જુલાઈ ૨૦૨૬ સુધીમાં પોતાના વિચારો અને સૂચનો સરકારને મોકલી શકે છે. આ સૂચનોની સમીક્ષા કર્યા બાદ જ વિધેયકમાં જરૂરી ફેરફારો કરીને આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.




### ગેસોલિનના ભાવ પણ ઘટી રહ્યા છે

# ક્રૂડ ઓઈલના ભાવ ફરી ઘટીને ૭૬ ડોલર પ્રતિ બેરલ થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા શાંતિ કરાર અને ત્યારબાદ અમેરિકા દ્વારા પ્રતિબંધોમાં કામચલાઉ છૂટછાટની અસર આંતરરાષ્ટ્રીય બજારમાં જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ક્રૂડ ઓઈલના ભાવ નીચે આવી રહ્યા છે, જે પ્રતિ બેરલ ૮૦ ડોલરની નીચે છે.




બુધવારે સવારે ક્રૂડ ઓઈલના ભાવ ફરી ઘટીને ૭૬ ડોલર પ્રતિ બેરલ થયા છે. આજે સવારે બ્રેન્ટ ક્રૂડ ૦.૭૬ ડોલર ઘટીને ૭૬.૩૨ ડોલર પ્રતિ બેરલ થયું છે, અને WTI ક્રૂડ ૦.૭૫ ડોલર ઘટીને ૭૨.૪૬ ડોલર પ્રતિ બેરલ થયું છે. ગેસોલિનના ભાવ પણ ઘટી રહ્યા છે. બંને દેશો વચ્ચેના વચગાળાની ડીલ હેઠળ, યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ૬૦ દિવસ માટે ખાસ લાઈસન્સ જાહેર કર્યું છે. આ પછી પણ, કિંમતોમાં વધુ ઘટાડો થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જેમ જેમ ક્રૂડ ઓઈલનો પુરવઠો સામાન્ય થશે તેમ તેમ તેની કિંમતમાં પણ ઘટાડો થશે. અમેરિકા સાથેના કરાર હેઠળ, ઈરાન તેની ક્ષમતા અનુસાર ક્રૂડ ઓઈલ અને સંબંધિત ઉત્પાદનોનું વેચાણ અને ઉત્પાદન કરી શકે છે. યુએસ દ્વારા આપવામાં આવેલી રાહત ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોને અવરોધ વિના પસાર થવા દેવા અને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) નિરીક્ષકોને પ્રવેશ આપવા સંમત થયું છે. ઈરાન અને યુએસ વચ્ચેના તાજેતરના શાંતિ કરાર બાદ, હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યું છે, અને ભાવ સતત ઘટી રહ્યા છે. ક્રૂડ ઓઈલના જહાજો હવે વિવિધ દેશો માટે હોર્મુઝમાંથી સરળતાથી પરિવહન કરી રહ્યા છે. આ ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈમાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે. બુધવારે સવારે, આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ઘટીને ૭૬ ડોલર પ્રતિ બેરલ થયા, અને WTI ક્રૂડ ઓઈલના ભાવ ઘટીને ૭૨ ડોલર પ્રતિ બેરલ થયા. જો કે ક્રૂડ ઓઈલના ભાવ ઘટી રહ્યા છે, ભારતીય બજારમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ યથાવત છે. બુધવારે સવારે દેશની સરકારી તેલ કંપનીઓ દ્વારા જાહેર કરાયેલા ભાવ અનુસાર, પેટ્રોલ અને ડીઝલના ભાવ યથાવત રહ્યા છે.

### ડોનાલ્ડ ટ્રમ્પે આપી વાતચીત બંધ કરવાની ધમકી

# પરમાણુ ઠેકાણાઓની તપાસ મુદ્દે અમેરિકા અને ઈરાન ફરી સામસામે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાન અને અમેરિકા વચ્ચે પરમાણુ તપાસ મુદ્દે ફરી એકવાર મોટો વિવાદ ઊભો થયો છે. બંને દેશો વચ્ચે સર્જાયેલા આ સત્તાસંગ્રામને કારણે વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ઈરાનનો દાવો છે કે યુએન અધિકારીઓ માટે બોમ્બમારો કરાયેલી પરમાણુ સાઈટ્સની મુલાકાતનો કોઈ સમય કે કાર્યક્રમ નક્કી નથી થયો. બીજી તરફ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પેસ્પષ્ટ ચેતવણી આપી છે કે જો ઈરાન આ તપાસ માટે તૈયાર નહીં થાય, તો અમેરિકા વાટાઘાટો તાત્કાલિક અસરથી બંધ કરી દેશે.સ્વિટ્ઝર્લેન્ડમાં બંને દેશોની ટેકનિકલ ટીમો વચ્ચે મહત્વપૂર્ણ ચર્ચા ચાલી રહી છે, ત્યારે જ આ અસંમતિ સપાટી પર આવી છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વેન્સના નિવેદનને નકારી કાઢતા જણાવ્યું હતું કે, ગત વર્ષે અમેરિકા દ્વારા બોમ્બમારો કરાયેલી પરમાણુ સાઈટ્સની તપાસ માટે હજુ કોઈ સમયપત્રક નક્કી કરાયું નથી.જ્યારે અમેરિકાનો દાવો છે કે આ તપાસ અંગેની તમામ બાબતો અગાઉથી જ નક્કી થઈ ચૂકી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આકરો વલણ અપનાવતા કહ્યું કે, જો ઈરાન પોતાની વાત પરથી મુકરશે તો ડિલ રદ થઈ શકે છે, જોકે તેમણે ઉમેર્યું કે તપાસ શરૂ કરવામાં કોઈ ઉતાવળ નથી.મોટી અને અંતિમ ડીલ સુધી પહોંચવા માટે બંને પક્ષોને ૬૦ દિવસનો સમય મળ્યો છે. ઈરાન સતત એવો દાવો કરી રહ્યું છે કે તેનો પરમાણુ કાર્યક્રમ માત્ર શાંતિપૂર્ણ હેતુઓ માટે જ છે, પરંતુ નિષ્ણાતોના મતે તેની પાસે એટલું યુરેનિયમ ઉપલબ્ધ છે જેનાથી પરમાણુ બોમ્બ બનાવી શકાય છે.આ રાજદ્વારી તણાવ વચ્ચે દરિયાઈ સુરક્ષાને લઈને પણ મોટા સમાચાર આવ્યા છે. ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશન એ માહિતી આપી છે કે હોર્મુઝ સ્ટ્રેટ માં ફસાયેલા હજારો જહાજોના આશરે ૧૧,૦૦૦ જેટલા ક્રૂ મેમ્બર્સ ને સુરક્ષિત બહાર કાઢવા માટેનો પ્લાન શરૂ કરી દેવામાં આવ્યો છે. આ વિસ્તારમાં ચાલી રહેલા સૈન્ય તણાવને કારણે વૈશ્વિક વેપાર અને શિપિંગ ઉદ્યોગ પર ભારે અસર પડી રહી છે.આ સમગ્ર વિવાદ વચ્ચે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયાન પાકિસ્તાનની મુલાકાતે ઈસ્લામાબાદ પહોંચ્યા છે અને ત્યાં તેમણે પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી સાથે બેઠક કરી હતી. આ યુદ્ધ જેવી સ્થિતિ શરૂ થયા બાદ તેમની આ પ્રથમ પાકિસ્તાન મુલાકાત છે. પાકિસ્તાની મધ્યસ્થીઓ આ વિવાદને શાંત કરવાના પ્રયાસો કરી રહ્યા હોવાનું મનાય છે.

### કોંગ્રેસ પર બેવડા ધોરણો રાખવાનો ભાજપનો આક્ષેપ

# હૈદરાબાદના રસ્તાને ટ્રમ્પનું નામ અપાતા ભારે હોબાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

અમેરિકાની આઝાદીના ૨૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે હૈદરાબાદમાં આવેલી અમેરિકન એમ્બેસી (કોન્સ્યુલેટ) નજીકના રસ્તાનું નામ બદલીને ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ કરાતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. ભારત સ્થિત અમેરિકાના એમ્બેસેડર સર્જિયો ગોર અને તેલંગાણાના નાયબ મુખ્યમંત્રી (ડેપ્યુટી સીએમ) ભટ્ટી વિક્રમાર્કે સંયુક્ત રીતે અહીં એક તકતીનું અનાવરણ કરીને આ માર્ગનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પણ ઉપસ્થિત રહ્યા હતા. જો કે, કોંગ્રેસ શાસિત તેલંગાણા સરકારના આ નિર્ણયથી સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે રાજકીય ઘમસાણ સર્જાઈ ગયું છે. તેલંગાણા સરકારના જણાવ્યાનુસાર, હૈદરાબાદના ફાઈનાન્સિયલ ડિસ્ટ્રિક્ટમાં આવેલા આ રસ્તાનું નામ બદલવાનો નિર્ણય મુખ્યમંત્રી રેવંત રેડ્ડી દ્વારા ડિસેમ્બર ૨૦૨૫માં લેવાયો હતો. આ નિર્ણયનો હેતુ અમેરિકા અને તેલંગાણા વચ્ચેના મજબૂત



વ્યાપારિક સંબંધો, આઈટી રોકાણ અને વ્યૂહાત્મક ભાગીદારીને બિરદાવવાનો છે. અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે આ સન્માન બદલ તેલંગાણા સરકારનો આભાર માન્યો હતો. ગોરે જણાવ્યું હતું કે, હૈદરાબાદ શહેર ભારત અને અમેરિકાના સંબંધોમાં એક મહત્ત્વનો સેતુ છે. હૈદરાબાદમાં ડોનાલ્ડ ટ્રમ્પ એવન્યુ બનતા જ વિપક્ષ ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) એ શાસક પક્ષ કોંગ્રેસને આડે હાથ લીધી છે. BRSના નેતા દાસોજુ શ્રવણ કુમારે આ મુદ્દે સીધું કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. તેમણે રાહુલ ગાંધીને પત્ર લખીને સવાલ કર્યો છે કે, 'જ્યારે દિલ્હીમાં ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના પ્રવક્તા પવન ખેરા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિ અને ટ્રમ્પ સાથેની મિત્રતાની ટીકા કરે છે, તો પછી તેલંગાણાની કોંગ્રેસ સરકાર અમેરિકન પ્રમુખના નામ પર રોડનું નામકરણ કેવી રીતે કરી શકે? કોંગ્રેસ એક જ સમયે બે વિપરીત દિશામાં કેવી રીતે ચાલી શકે?' BRSનું કહેવું છે કે, માત્ર વિદેશી નેતાના નામ પર રોડ રાખવાથી રોકાણ નથી આવતું. તેલંગાણામાં જે આઈટી અને બિઝનેસ ઈકો સિસ્ટમ ઊભી થઈ છે તે BRS સરકારના સમયમાં થઈ હતી. કોંગ્રેસ માત્ર પ્રતીકાત્મક રાજકારણ રમી રહી છે. બીજી તરફ, ભાજપે પણ કોંગ્રેસના આ આશ્ચર્યજનક નિર્ણય પર કટાક્ષ કર્યો છે. ભાજપના સ્થાનિક નેતાઓએ જણાવ્યું છે કે, જે કોંગ્રેસ પક્ષ કેન્દ્ર સરકારની અમેરિકા તરફની નીતિઓ અને ટ્રમ્પ સાથેના સંબંધોને લઈને હંમેશા સવાલો ઉઠાવતો આવ્યો છે, તે જ કોંગ્રેસના મુખ્યમંત્રી હવે ટ્રમ્પના નામના બોર્ડ લગાવી રહ્યા છે. આ કાર્યક્રમમાં બંને દેશોના રાજદ્વારીઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. આ વિવાદ આગામી દિવસોમાં વધુ વકરવાના એંધાણ છે.

# એનજીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સરકારની બાજ નજર રહેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિવિધ એનજીઓ સાથે સંકળાયેલ ફોરેન કન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન કાયદા હેઠળ થતા દંડની રકમમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. એટલુ જ નહીં હવેથી વિદેશી ફંડ મેળવનારા એનજીઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ સહિતની પ્રક્રિયા પર સરકાર નજર રાખશે. સરકાર દ્વારા એક ગેઝેટ બહાર પાડીને નિયમોમાં ફેરફાર કર્યા છે. જેનો ભંગ કરવા બદલ આશરે એક લાખથી પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવી શકે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા નોટિફિકેશન જાહેર કરાયું છે તે મુજબ જો વિદેશથી મેળવેલ ફંડ ઇંટરમીડિયરી રેમિટેંસ વ્હીકલ્સ અથવા ડોનર એડવાઈઝ્ડ ફન્ડ દ્વારા મેળવવામાં આવે તો એનજીઓએ પોતાની એપ્લિકેશનમાં અસલી ડોનર (રૂપિયા ક્યાંથી આવ્યા) અંગે જણાવવું પડશે.

નિયમો મુજબ હવેથી વાર્ષિક રિટર્નમાં ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટ્સની સાથે સાથે વિસ્તૃત એક્ટિવિટી રિપોર્ટ પણ સામેલ કરવો પડશે. એનજીઓએ એ પણ જણાવવું પડશે કે શું તેણે કોઇ પુસ્તક, લેખ વગેરે પ્રકાશિત કરેલ છે કે કેમ. કેન્દ્ર સરકારના નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે પૂર્વ મંજૂરી હેઠળ કોઈ ખાસ હેતુ માટે વિદેશી ફન્ડ મેળવનારા એનજીઓ ત્યારે જ વધુ ફન્ડ મેળવી શકશે જ્યારે તેને અગાઉ જે ફન્ડ મળ્યું છે તેનો ૭૫ ટકા હિસ્સો તેણે ઉપયોગ કરી લીધો હોય. વિદેશથી આવેલા ફંડનો ઉપયોગ ક્યા કરવામાં આવ્યો તેની પણ ફીલ્ડ તપાસ થશે. વિદેશથી ફંડ મેળવનારા એનજીઓએ હવેથી એફસીઆરએ હેઠળ રજિસ્ટ્રેશન અથવા રિન્યૂઅલ માટે પોતાની એપ્લિકેશનમાં પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની જાણકારી પણ આપવી પડશે. સરકારે અન્ય એક નવો નિયમ લાગુ કર્યો છે જે મુજબ હવેથી વિદેશી ફંડ મેળવવા માટે રજિસ્ટ્રેશન કરાવનારા એનજીઓએ પોતાના કામકાજનો હેતું, કાર્ય સ્થળ કે રાજયનું નામ જણાવવાનું રહેશે.ધર્માંતરણ જેવી પ્રવૃત્તિ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. નવા સુધારા મુજબ ધાર્મિક શિક્ષણ, નૈતિક શિક્ષણ, સત્સંગ, પ્રવચન, ધ્યાન શિબિર, ભક્તિ સંગીત, ધાર્મિક નાટય કલા તથા આદિવાસી અને સ્વદેશી આસ્થા પરંપરાઓના સંરક્ષણને મંજૂરી આપવામાં આવી છે. જોકે મંત્રાલયે એવી પણ સ્પષ્ટતા કરી છે કે ધર્માંતરણ સાથે જોડાયેલી કોઇ પણ પ્રકારની પ્રવૃત્તિને મંજૂરી આપવામાં નહીં આવે. જો કોઇ સંસ્થામાં વિદેશી નાગરિકો પ્રમુખના પદ પર હશે તેને વિદેશી ફન્ડિંગની નોંધણીની મંજૂરી જ નહીં અપાય. પ્રશાસનિક ખર્ચાઓ માટે પ્રાપ્ત ડોનેશનના ૨૦ ટકાથી વિદેશી ફંડનો ઉપયોગ કરવા પર એક લાખ રૂપિયાથી લઇને પાંચ લાખ રૂપિયા સુધીની પેનલ્ટી લાગી શકે છે. સટ્ટામાં વિદેશી ફંડનો ઉપયોગ કરવા પર એક લાખ અથવા રોકાણ કરાયેલ રકમના ૩૦ ટકા જે વધુ હોય તે દંડ કરાશે.

# 'ઈથેનોલવાળુ પેટ્રોલ સંપૂર્ણ સુરક્ષિત હોવાનો સરકારનો ખુલાસો'

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે દેશમાં ચાલી રહેલો ઈથેનોલ બ્લેન્ડિંગ (મિશ્રણ) પ્રોગ્રામ વૈજ્ઞાનિક રીતે માન્ય છે અને સરકાર દ્વારા તેની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ઈન્ટરનેટ મીડિયા પર ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ અંગે કેટલાક ભ્રામક અને પાયાવિહોણા દાવા કરવામાં આવી રહ્યા છે. જનતાને ગેરમાર્ગે દોરવા માટે કેટલાક જૂના વીડિયો અને તસવીરો ફરી વાઈરલ કરવામાં આવી રહ્યા છે, જેને લઈને સરકાર સંપૂર્ણ સજગ છે અને જરૂરી પગલાં ભરી રહી છે.તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયો હતો, જેમાં ગાડીની પેટ્રોલ ટાંકી પાસે કીડીઓ ભેગી થયેલી દેખાતી હતી. મંત્રાલયે આ વીડિયોને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે E-20 (20% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલના કારણે એન્જિન બગડવાની કે વાહન ખોટકાવવાની કોઈ મોટી સમસ્યા ક્યાંય પણ સામે આવી નથી.2003થી શરૂ થયો હતો આ મહત્ત્વનો પ્રોગ્રામદેશમાં ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવા, ઊર્જા સુરક્ષા વધારવા અને પર્યાવરણની જાળવણીના અદભુત ઉદ્દેશ્ય સાથે વર્ષ 2003માં ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. તમામ ટેક્નિકલ તૈયારીઓ અને હિતધારકો સાથે પરામર્શ કરીને આ પ્રોગ્રામને તબક્કાવાર રીતે દેશમાં લાગુ કરવામાં આવ્યો છે. વર્ષ 2023થી દેશમાં 20% ઈથેનોલ મિશ્રણ (E-20)નો અમલ શરૂ કરવામાં આવ્યો છે. સરકાર ઓઈલ માર્કેટિંગ કંપનીઓ, ઓટોમોબાઈલ ઉત્પાદકો અને ફ્યુઅલ ટેસ્ટિંગ એજન્સીઓ સાથે મળીને આ કાર્યક્રમની સતત દેખરેખ રાખે છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ એ વૈશ્વિક સ્તરે અપનાવવામાં આવતી પદ્ધતિ છે અને દુનિયાના ઘણા દેશોમાં તેને સફળતાપૂર્વક લાગુ કરવામાં આવી છે. આ પ્રોગ્રામના કારણે ભારતને અત્યાર સુધીમાં 1.40 લાખ કરોડ રૂપિયાની વિદેશી મુદ્રા (ફોરેક્સ રિઝર્વ) બચાવવામાં મોટી સફળતા મળી છે.




